અપીલ અરજી નં.૪૨૨ તા.૪–૩–૧૦

અરજદારઃ– શ્રી સરવર હુસેન ગુલામમોહંમદ નગદ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સરવર હુસેન ગુલામમોહંમદ નગદની તા.૨–૧–૧૦ ની અરજીથી નં.૧/૪૦૧૯ થી ૪૦૨૪ ના પ્લોટ પર કાચા પાકા બાંધકામ વિશે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૨૨/૨૦૦૯–૧૦

શ્રી સરવર હુસેન ગુલામમોહમદ નગદની તા.૨–૧–૧૦ની અરજીથી નં.૧/૪૦૧૯ થી ૪૦૨૪ ના પ્લોટ પર કાચા પાકા બાંધકામ વિશે માહિતી આપવા બાબતે આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૯ તા.૧૦–૩–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજી સાથે મુળ અરજીની નકલ, ફી ની વિગતસહ સામેલ કરેલ ન હોય તેમજ મળેલી માહિતીની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી (સેક્રેટરી) તરફથી પત્ર નં.આરટીઆઈ /સેક્રેટરી/આ.નં.૧૮ તા.૧૫–૩–૧૦ ના રોજ અરજદારને પાઠવેલ પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારે આઈ ડી નં.૧૧૭૪ તા.૨–૧–૧૦ થી મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. મુદ્દા નં.૧ સુરત મ્યુ. ખડી સમિતિ ધ્વારા પાસ કરેલ ઠરાવ જેમાં શહેર ઈજનેર બી.વી. પટેલ અને એડીશનલ કાર્યપાલક ઈજનેર કેતન પટેલના નામોની બહાલી આપવામાં આવેલ છે તેની નકલ ઠરાવની માહિતી માંગેલ છે. મુદ્દા નં.૨ માં રાણી તળાવ સ્થિત બિલ્ડર ઝાકીર કુરેશી ધ્વારા પોતાના લેટરપેડ ઉપર મારી કબ્જા અને ભાડાવાળી મિલ્કત કે જેનો નોંધણી નંબર ૧/૪૦૧૯ થી ૪૦૨૪ છે જે આકારણીખાતામાં તમામ પ્લોટોના સ્ટેટસ માટેની માંગણી કરેલ છે. તેને અને આકારણી ખાતાના ઓફિસર શેખ (સેન્ટ્રલઝોન) ને મારી આ મિલ્કતની રૂબરૂ મુલાકાત લઈ જે રીપોર્ટ અરજદારને આપેલ છે તેની નકલની માંગણી કરેલ છે. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૩૬૬ તા.૫–૧–૧૦ મુદ્દા નં.૧ ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને આસી.સેક્રેટરીને અરજી તબદીલ કરવામાં આવેલ. તેમજ મુદ્દા નં.૨ અંગે વોર્ડ નં.૧ નોંધ નં.૪૦૧૯ થી ૪૦૨૪ વાળી મિલ્કત અંગે ઝાકીર હુસેન કુરેશી તરફથી માંગવામાં આવેલ સ્ટેટસ પાના નંગ–૯ તેમજ આપવામાં આવેલ જવાબની નકલ પાના નંગ–૨ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન અને શહેર વિકાસ અધિકારીના પત્ર નં.એઆરડી/૧૦૨૨ તા.૨૦–૧–૧૦ થી પત્ર પાઠવવામાં આવેલ. જયારે મુદ્દા નં.૧ બાબતે સેક્રેટરી વિભાગ તરફથી નં.આરટીઆઈ/સેક્રેટરી/આ.નં.૪ થી માંગેલ માહિતી માટે જરૂરી ફી ભરવાનું ફરમાવવામાં આવેલ પરંતુ અરજદાર તરફથી તેનો કોઈ પ્રત્યુત્તર મળેલ નથી. જેથી માહિતી મેળવવામાં રસ ન હોય એવું જણાવી તેમના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આ.નં.૧૮ તા.૧૫–૩–૧૦ થી અરજદારની અરજી દફતરે કરવામાં આવેલ છે તે પત્રની નકલ જાહેર માહિતી અધિકારી સેક્રેટરી તરફથી અત્રે રજૂ કરેલ છે.તેમજ પર્સોનલ ઓફિસર (આર) અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર /૯૯૧ તા.૧૦–૨–૧૦ થી અરજદારને સદર અરજી બાબતે રીક્રુટમેન્ટ કચેરીને લાગુ પડતી નથી તેથી તેનો રીપોર્ટ નીલ છે તેવું જણાવેલ છે. આમ અરજદારને બંને મુદ્દાઓની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ જણાય છે. અરજદારે તા.૪–૩–૧૦ ના રોજ અપીલ અરજીમાં સત્યથી વેગળી અને ગુનાહિત પ્રવૃતિ કરતી માહિતી આપવા બાબત કારણ જણાવી અપીલ અરજી કરેલ છે. પરંતુ અપીલ તબકકે તક આપવા છતાં તે અંગેના આધાર કે સમર્થન રજૂ કરવામાં અરજદાર નિષ્ફળ રહેલ છે. આમ અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨–૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)...જાણ તથા અમલ માટે

(૨) શ્રી સરવર હુસેન ગુલામમોહમદ નગદ